# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૨/૧૦/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **"ગુજરાત વિરોધી" કોંગ્રેસ હંમેશા "વિકાસ વિરોધી" રહી છે : શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા**
- **ગુજરાતનો વિકાસ કોંગ્રેસને આંખમાં કણાંની જેમ ખૂંચે છે.**
- **સુરતના "કેબલ સ્ટેઈડ બ્રિજ"નો વિરોધ કરનારા તત્ત્વોની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતા શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ગુજરાતાનું પ્રથમ અને સમગ્ર હિન્દુસ્તાનનું બીજું "કેબલ સ્ટેઈડ બ્રિજ"ની ભેટ જ્યારે આપણા સુરત શહેરને મળી રહી હોય ત્યારે તેને વધાવી લેવાના બદલે પોતાની માનસિકતા મુજબ આજરોજ કેટલાક ગણ્યા ગાંઠયા કોંગ્રેસીઓ પોતાના ભાડાના ટટ્ટુઓ લઈને તેનો વિરોધ કરવા માટે સ્થળ પર પહોંચી ગયા હતા. કોંગ્રેસની આ "ગુજરાત વિરોધી", "વિકાસ વિરોધી" માનસિકતાને કડક શબ્દોમાં વખોડી નાખતા શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું કે કોંગ્રેસની

માનસિકતા હંમેશા નકારાત્મક જ રહી છે. ગુજરાતનો વિકાસ કોંગ્રેસને આંખમાં કણાંની જેમ ખૂંચે છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમનો વિરોધ કરનારી પણ કોંગ્રેસ જ છે. ડેમની ઉંચાઈ વધ્યા બાદ તેને દરવાજા ન લાગે તે માટે પણ કોંગ્રેસની ભૂમિકા ખૂબ જ ભૂંડી રહી હતી. અખંડ ભારતનું નિર્માણ કરનારા દેશના સપૂત સરદાર પટેલ ગુજરાતી હતા એટલા માટે જ સરદાર સાહેબને હાંસ્યામાં ધકેલવાનું પાપ કોંગ્રેસે કર્યુ હતું. અમદાવાદ બરોડાને જોડતા એક્ષપ્રેસ વે પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપેયીજીની દેન છે. આ એક્ષપ્રેસ વેનો પણ જે તે સમયે કોંગ્રેસે પોતાની માનસિકતા મુજબ વિરોધ કર્યો હતો. આમ કોંગ્રેસની માનસિકતા હરહંમેશ “ગુજરાત વિરોધી”, “વિકાસ વિરોધી” જ રહી છે. જેમ ભાજપ અને વિકાસ એકબીજાના પર્યાય છે તેમ કોંગ્રેસ અને વિકાસનો વિરોધ એ એકબીજાના પર્યાય છે.

કોંગ્રેસની વિકાસ વિરોધી માનસિકતાની વધુ આકારા શબ્દોમાં ઝાટકણી કાઢતા શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈએ જણાવ્યું કે પોતાના શાસનકાળમાં કોંગ્રેસે જે યોજનાનું ખાતમુહૂર્ત કર્યુ હતું તે ક્યારેય શરૂ જ કરી ન હતી. માત્ર સસ્તી પ્રસિધ્ધિ ખાતર જ તેઓ પોતાના નામોની મોટી મોટી તકતીઓ લગાડી દેતા હતા. આ તકતીઓ પર ભૂતકાળમાં કુતરાઓ પેશાબ કરતા હોય તેવા દ્રશ્યો અનેક લોકોએ જોયા છે. આ તો ભાજપાનું શાસન આવ્યા બાદ દબાયેલી દટાયેલી તમામ ફાઈલો શોધી શોધીને આ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી હતી. ભાજપ દ્વારા જે યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવે તે યોજનાનું લોકાર્પણ પણ ભાજપ દ્વારા જ કરવામાં આવે છે. જો કોંગ્રેસ જેવું જ શાસન ભાજપે કર્યુ હોત તો સુરત કે ગુજરાતનો આટલો વિકાસ થયો ન હોત. સુરત આજે પણ એ જ ગંદુ ગોબરું રહ્યું હોત. ટેક્ષટાઈલ સીટી અને ડાયમંડ સીટી તરીકે સુરતની ઓળખ પ્રસ્થાપિત થઈ ન હોત. સુરતમાં ૧૨૦ જેટલા બ્રિજ બન્યા ન હોત.